ગાંધીનગરમાં રવિવારની બપોર રાજકીય ઉત્તેજનાથી છવાયેલી રહી

રજાનો આખો દિવસ મનોરંજન ચેનલના બદલે ન્યુઝ ચેનલો જોવાઈ

ગાંધીનગર, તા. ૯

ગાંધીનગરમાં રજાના દિવસે પણ આખો દિવસ સૌની આંખો ન્યુઝ ચેનલો પર છવાયેલી રહી. ગોવામાં ચાલી રહેલ ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીને ચૂંટણીની મહત્વની જવાબદારી

સોંપાશે તેવી કેટલાય દિવસોથી ચાલતી ચર્ચા પરાકાષ્ઠાએ પહોંચી હતી. ખાસ કરીને ભાજપનું એક જુથ ઈચ્છતુ ન હતુ કે મોદીને વિશિષ્ટ પ્રકારની કામગીરી સોંપાય એટલે છેલ્લા બે દિવસથી દેશના રાજકીય ફલક પર ભારે ચર્ચાઓ જાગી હતી. મૂલ્યાંકનો અને પરિમાણોના આધાર પર જાતજાતની અટકળો થતી હતી. બંને જુથોના લેખાજોખામાં ન્યુઝ ચેનલો સતત કરતી હતી. ૬૫ વર્ષની લોકશાહીના ઈતિહાસમાં કોઈ રાજકીય પક્ષના ચૂંટણી પ્રચારના અધ્યક્ષપદ માટે આટલી ચર્ચાઓ થઈ હોય અને ઉત્તેજના છવાઈ હોય તેવું પહેલી વખત બનવા પામ્યુ. શાસક પક્ષ અને વિરોધ પક્ષમાં ચૂંટણી પ્રચાર માટે સમિતિઓ રચાય અને શક્તિ પ્રમાણે જવાબદારીઓ સોંપાય તે પક્ષની આંતરિક વ્યવસ્થા છે. પરંતુ પ્રથમ વખત ભાજપના ચૂંટણી પ્રચારના અધ્યક્ષ માટે દેશભરમાં ભારે ઉત્તેજના જોવા મળી.

આજે વહેલી સવારથી જ તમામ ન્યુઝ ચેનલોએ સમાચાર તો સતત આપતી જ રહી કે નરેન્દ્ર મોદીને પ્રચાર સમિતિના અધ્યક્ષ બનાવાશે પરંતુ જાહેરાત ક્યારે થશે, એની કોઈનેય ખબર ન હતી અને એવું રહસ્ય ચાર કલાક સુધી સમાચારોમાં છવાયેલું રહ્યું. સવારે દસ વાગે જાહેર કરાયું કે બાર વાગ્યાની પ્રેસ કોન્ફરન્સમાં જાહેરાત કરાશે પરંતુ તે વખતે કોઈ જાહેરાત પક્ષના પ્રવક્તાએ કરી ન હતી. સત્તાવાર જાહેરાતના અભાવે ઉત્તેજનાઓ વધુ ઘેરી બની. રાષ્ટ્રીય કારોબારીમાં થતા પ્રવચનોના અંશો ઓક ધ રેકોર્ડ ચેનલોમાં પ્રસરવા માંડ્યા અને ૧૨ થી ૨ વાગ્યામાં પણ કોઈ ચિત્ર સ્પષ્ટ નહોતુ બનતુ. રાષ્ટ્રીય અધ્યક્ષના પ્રવચનના છેલ્લા વાક્યમાં તેમણે સત્તાવાર જાહેરાત કરી કે આગામી ચૂંટણી માટે ગુજરાતના લોકપ્રિય મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની નિમણુંક કરવામાં આવે છે.

રાષ્ટ્રીય અધ્યક્ષની જાહેરાતના પગલે અટકળોનો અંત આવી ગયો હતો. ચોરે ને ચૌટે ચાલતા ટીવી ધીમા પડી ગયા. ગાંધીનગરના ભાજપના કાર્યકરોમાં એક ઉત્સાહનું મોજુ ફરી વળ્યું હતું. મોડી સાંજે ભાજપના કાર્યકરોએ કાર્યાલય ખાતે એકત્ર થઈ આતશબાજી કરી હતી અને મીઠાઈ વહેંચી હતી. આમ આખો દિવસ રાજકીય ઉત્તેજનાથી છવાયેલો રહ્યો.

સ્કુલવર્ધીના વાહનોમાં ભાડા વધારો

ઉઘડતી સ્કુલે વાલીઓ પર રૂ. ૫૦ થી ૧૫૦ સુધીનો વધુ બોજ : સીએનજીના ભાવો વધતા ભાડુ વધારવાની ફરજ પડી

ગાંધીનગર, તા.૯

સી.એન.જી. ગેસના ભાવ વધતાં હવે શાળાના નવાસત્રની શરૂઆતમાં વિદ્યાર્થીઓને શાળાએ લઈ જતા સ્કુલવાન, બસ અને રિક્ષામાં પણ ૫૦ થી ૧૫૦ રૂપિયાનો ભાવ વધારો થવા પામ્યો છે. વાલીઓએ શિક્ષણને લગતી સ્ટેશનરીની વિવિધ ચીજવસ્તુઓનો ભાવ વધારો તો સહન કર્યો છે. ઉપરાંત વાલીઓએ હવે આ બીજો કમ્મર તોડ ભાવ વધારો સહન કરવો પડશે.

આવતીકાલથી નવા સત્રની શરૂઆત થઈ રહી છે. અત્યારના સમયમાં શિક્ષણ હાઈટેક બની રહ્યું છે. અભ્યાસને લગતી તમામ સામગ્રી મોંઘી બની છે. ત્યારે સીએનજીના ભાવમાં વધારો થતા બાળકોને સ્કુલે લઈ જતા સ્કુલવાન, બસ, રિક્ષા ચાલકોએ પણ મોંઘવારીને ધ્યાનમાં રાખીને નવા સત્રથી ૫૦ થી ૧૫૦ રૂપિયા સુધીનો ભાવ વધારો કર્યો છે. શહેરની વિવિધ શાળાઓમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના વાલીઓને કમ્મરતોડ ભાવ વધારો સહન કરવો

● અનુસંધાન પાન-૭ પર

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહના બીજા સેમેસ્ટરનું આજે પરિણામ જાહેર

ગાંધીનગર, તા.૯

ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહ સેમેસ્ટર-૨નું આજે પરિણામ જાહેર થશે. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહ અને સામાન્ય પ્રવાહનું પરિણામ જાહેર થયા બાદ આગામી તા. ૧૩ જૂનના રોજ ધો-૧૦ના બોર્ડ પરીક્ષાર્થીઓનું પણ ભાવિ નક્કી થશે. આ પૂર્વે ધો-૧૧ સેમેસ્ટર-૨ના વિદ્યાર્થીઓનું પરિણામ જાહેર થશે.

માર્ચ ૨૦૧૩માં લેવાયેલી વિવિધ બોર્ડ કસોટીના બે મહીનાના અંતે જૂનમાં તબક્કાવાર પરિણામો જાહેર કરવામાં આવી રહ્યા છે. ધો-૧૨ વિજ્ઞાન પ્રવાહનું પરીણામ જાહેર થયા બાદ ધો-૧૨ સામાન્ય પ્રવાહનું પણ ગત સમાહ દરમિયાન પરિણામ આપી દેવાયું છે જયારે બોર્ડ કક્ષાએથી ધો-૧૦નું પરીણામ પણ તા. ૧૩ જૂનના રોજ જાહેર થનાર છે. આ પૂર્વે તા. ૧૦ જૂનના રોજ ધો-૧૧ વિજ્ઞાન પ્રવાહના સેમેસ્ટર-૨ની પરીક્ષાનું પરીણામ પણ જાહેર થશે. બોર્ડના નિયમો મુજબ અગાઉ લેવાયેલી ધો-૧૧ની આ પરીક્ષામાં જિલ્લામાંથી અંદાજિત સાડા ત્રણ હજારથી વધુ વિદ્યાર્થીઓ અપિયર થયા હતા. પરીણામને લઈ વિદ્યાર્થીઓ અને વાલીઓમાં પણ ઉત્સુકતા જોવા મળે છે!

ફાઈલ વર્ગીકરણની કામગીરી ચાલુ માસના અંત સુધીમાં પૂરી કરવા તાકીદ

વસુલાત, જમીન રિસર્વે તેમજ ઈ-ધરાની કામગીરી મિશન મોડ પર મુકવા પણ તાકીદ

ગાંધીનગર, તા.૯

ગાંધીનગર જિલ્લાના ચારેય તાલુકાઓમાં ફાઈલોના વર્ગીકરણની કામગીરી આ માસના અંત સુધીમાં પૂર્ણ કરવા માટે કડક તાકીદ કરવામાં આવી છે.

જિલ્લાના ચારેય તાલુકામાં ૩૦ હજારથી પણ વધુ ફાઈલોના વર્ગીકરણની કામગીરી છેલ્લા ઘણા વખતથી પડતર હતી. જિલ્લા તંત્ર એ આ કામગીરીને મિશન મોડ પર હાથ ધરવાની સૂચના આપી હતી.

તાજેતરમાં અધિક નિવાસી કલેકટર શ્રી મોડિયા દ્વારા હાથ ધરવામાં આવેલ સમીક્ષા દરમિયાન ૫૦ ટકાથી પણ વધુ કામગીરી પૂર્ણ થઈ ગયાનું ચિત્ર ઉપસ્યું હતું. જો કે ડૉ. મોડિયાએ આ કામગીરીમાં હજુ પણ વેગ લાવી અને આ માસના અંત સુધીમાં કામગીરી પૂર્ણ કરવા માટે તાકીદ કરી હતી.

મળતી વિગતો પ્રમાણે ગાંધીનગર તાલુકામાં ૮ હજાર જેટલી ફાઈલનું વર્ગીકરણ થઈ ચુકયું છે. તો માણસા તાલુકામાં આ ગતિ થોડીક ધીમી જણાઈ હતી. આ માટે અધિક નિવાસી કલેકટર ડૉ. મોડિયાએ આ કચેરીની રૂબરૂ મુલાકાત લઈ કામગીરીમાં ગતિ આવે તે માટે સૂચનાઓ આપી હતી.

કલોલમાં પણ હજુ ૧૨૦૦ જેટલી ફાઈલોના વર્ગીકરણની કામગીરી બાકી છે જયારે દહેગામમાં ૫ સાત હજાર જેટલી ફાઈલોના વર્ગીકરણની કામગીરી બાકી હોવાનું જાણવા મળેલ છે.

અધિકારીઓ સાથેની આ બેઠકમાં મહેસુલી વેરાઓની વસુલાત પર પણ વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. આ માટે તાલુકાઓને લક્ષ્યાંકો ફાળવવામાં આવ્યા હોવાનું તેમજ વસુલાત માટે ખાસ ટીમો બનાવી આગળ વધવાની સૂચનાઓ આ બેઠકમાં આપવામાં આવી હતી.

અધિકારીઓની સમીક્ષા બેઠકમાં જમીન રિસર્વેની કામગીરી ઉપરાંત નાગરિક અધિકાર પત્ર અન્વયે મળેલ અરજીઓના નિકાલની કામગીરીની પણ સમીક્ષા કરવામાં આવી હતી.

ઈ-ધરામાં કાચી નોંધ જે તે દિવસે સાંજે પડી જાય તે જોવા માટે પણ જરુરી સૂચનાઓ આપવામાં આવી હોવાનું જાણવા મળેલ છે.

વિવિધ ઉચ્ચ અભ્યાસક્રમ માટે એન્ટ્રન્સ એક્ઝામનું વધતુ મહત્વ

ધો. ૧૨ના અભ્યાસક્રમનું મહત્વ પ્રવેશ પરીક્ષાઓના કારણે ઘટતુ જાય છે : એન્ટ્રન્સ એક્ઝામની તૈયારી કરાવતા ક્લાસીસનો રાફડો ફાટ્યો

ગાંધીનગર, તા. ૯

એન્જીનિયરીંગથી લઈને લૉના અભ્યાસક્રમોમાં જોડાવવા માટે હવે ધો. ૧૨ની પરીક્ષાના બદલે પ્રવેશ પરીક્ષાઓનું મહત્વ વધતુ રહ્યુ છે. જુદા જુદા અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે લેવાતી પ્રવેશ પરીક્ષાઓની તૈયારીઓ કરાવતા ક્લાસીસ ઠેર ઠેર શરૂ થયા છે. ઉંચી ફી ચુકવીને વાલીઓ ફરજીયાત પોતાના બાળકોને આવા ક્લાસીસમાં મોકલી રહ્યા છે.

અગાઉના વર્ષોમાં ધો. ૧૨ની પરીક્ષામાં પરીણામના આધારે જ ઉચ્ચ અભ્યાસક્રમોમાં પ્રવેશ આપી દેવાતો હતો. પરંતુ હવે મોટાભાગના અભ્યાસક્રમોમાં પ્રવેશ માટે એન્ટ્રન્સ એક્ઝામ જ આપવી પડતી હોવાથી પ્રવેશ પરીક્ષાઓનું મહત્વ વધતુ જાય છે. કેન્દ્રીય ધોરણે પ્રવેશની કાર્યવાહીમાં એન્ટ્રન્સ એક્ઝામ ખુબ મહત્વની છે. વળી આ બધી જ પરીક્ષાઓમાં અંગ્રેજીનું ચલણ વધુ હોવાથી ગુજરાતના વિદ્યાર્થીઓને પ્રવેશ પરીક્ષાઓ માટે ખાસ મહેનત કરવી પડે છે.

શાળાકીય અભ્યાસક્રમ પ્રવેશ પરીક્ષાઓને અનુરૂપ ન હોઈ ધો. ૧૨માં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓને તો ધો. ૧૨ના અભ્યાસની સાથે સાથે જ એન્ટ્રન્સ એક્ઝામની તૈયારી કરવી પડે છે. JEEE, NEET, GUJCET, NATA, CLAT જેવી એન્ટ્રન્સ એક્ઝામની તૈયારી કરાવતા કોચીંગ ક્લાસીસ ગાંધીનગરમાં ખુબ ઝડપથી ખુલી રહ્યા છે. હજુ તો રીઝલ્ટ પણ ન

● અનુસંધાન પાન-૭ પર

આજે ભાજપના નવ નિર્વાચિત ચાર ધારાસભ્યો શપથ લેશે

ગાંધીનગર, તા. ૯

પેટા ચૂંટણીઓમાં વિજય થયેલા ભાજપના ચાર ધારાસભ્યો આવતીકાલે વિધાનસભાના અધ્યક્ષ સમક્ષ ધારાસભ્ય તરીકેના શપથગ્રહણ કરનાર હોવાનું જાણવા મળે છે.

તાજેતરમાં જ ગુજરાતની વિધાનસભાની ખાલી પડેલી ધોરાજી, મોરવાહડફ, જેતપુર અને લીંબડી ચાર બેઠકોની પેટા ચૂંટણીઓ યોજાઈ હતી. આ પેટા ચૂંટણીઓમાં ભાજપે કોંગ્રેસને કારમો પરાજય આપીને આ ચારેય બેઠકો કોંગ્રેસ પાસેથી આંચકી લીધી હતી.

પેટાચૂંટણીમાં વિજય થયેલા ભાજપના ચારેય ધારાસભ્યો કીરીટસિંહ રાણા, જયેશ રાંદડીયા, પ્રવિણ માંકડીયા અને મનીષાબેન સુથાર આવતીકાલે બપોરે શુભ મુર્હુતમાં ભાજપના પ્રદેશ અધ્યક્ષ આર.સી. ફળદુ, સંસદીય મંત્રીઓ અને સમર્થકોની ઉપસ્થિતિમાં વિધાનસભા અધ્યક્ષ વજુભાઈ વાળા સમક્ષ ધારાસભ્ય તરીકેના શપથ ગ્રહણ કરશે.

ભાજપના ચારેય ધારાસભ્યો આવતીકાલે ધારાસભ્ય તરીકેના શપથ ગ્રહણ કરનાર હોઈ વિધાનસભા સંકુલ ભાજપના કાર્યકરોથી ઉભરાશે. ભાજપના કેસરી ખેસ ધારણ કરીને કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને ભાજપના વિજય ધારાસભ્યોને શુભેચ્છા પાઠવશે અને સમગ્ર વાતાવરણને કેસરીયું બનાવી દેશે.

ગુજરાત રાજ્ય બીજ નિગમ લિમિટેડ
(ગુજરાત સરકારનું સાહસ)
રજી. કચેરી : બીજ ભવન, સેક્ટર નં.૧૦-એ, ગાંધીનગર-૩૮૨૦૧૦
પ્રોડક્શન વિભાગ : ૨૩૨૫૬૬૯૪, ૨૩૨૫૬૬૯૫, ૨૩૨૫૬૬૯૬

ટાટા ઈન્ડીકા ડીઝલ કાર વાહન ભાડે રાખવા અંગે

નિગમને ટાટા ઈન્ડીકા ડીઝલ એ.સી. ટેક્સી પાસીંગ કાર (વર્ષ-૨૦૧૦ કે તે પછીનું મોડલ) સારી કન્ડીશનવાળી કાર નંગ-૨ અંદાજે એક વર્ષ માટે ભાડે રાખવાની છે. આ વાહન ભાડે આપવા માટે રસ ધરાવતી સ્થાનિક ગાંધીનગર ખાતેની એજન્સી / પાર્ટીઓએ વાહન ભાડે આપવા માટે નિગમની ટેન્ડરની શરતો તથા ફોર્મ કચેરીના કામકાજના ચાલુ દિવસોમાં સમય : ૧૧.૦૦ થી ૧૬.૦૦ કલાક સુધીમાં નિગમની વડી કચેરી સેક્ટર નં.૧૦/એ, ગાંધીનગર ખાતે ફક્ત રૂબરૂમાં ટેન્ડર ફોર્મ ફી રૂ. ૧૦૦/- (સો પુરા) (નોન રીફંડેબલ) રોકડમાં ભરી તા. ૧૫-૬-૨૦૧૩ સુધીમાં મેળવી લેવાના રહેશે. ભરેલ ટેન્ડરના સીલબંધ કવર ફક્ત રજીસ્ટર એ.ડી.થી ઉપરોક્ત સરનામે છેલ્લી તા. ૨૪/૬/૨૦૧૩ સમય-૧૭.૦૦ કલાક સુધી સ્વીકારવામાં આવશે જે તા. ૨૫-૬-૨૦૧૩ના રોજ સમય-૧૨.૦૦ કલાકે હાજર રહેલ ટેન્ડરરોની હાજરીમાં ખોલવામાં આવશે.

સહી/-
(સુ. ડી. સિંઘ)
મેનેજીંગ ડીરેક્ટર

આગામી ૪૮ કલાકમાં ભારે વરસાદની આગાહી

ગાંધીનગર, તા.૯

આગામી ૪૮ કલાકમાં રાજયમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

હવામાન વિભાગ સાથે સંકળાયેલ સૂત્રો પાસેથી પ્રાપ્ત વિગતો મુજબ રાજયના

હવામાનમાં એકદમ પલટો આવવા પામ્યો છે. એટલું જ નહીં ગુજરાતમાં ચોમાસું પણ વહેલું આવવા પામ્યું છે. સૌરાષ્ટ્રના દરિયા વિસ્તાર વેરાવળના દરિયામાં ચોમાસું આવી જવા પામ્યું હોવાનું જાણવા મળે છે.

જેના કારણે આગામી ૪૮ કલાક દરમિયાન રાજયમાં ભારે વરસાદની આગાહી હવામાન વિભાગ દ્વારા કરવામાં આવી છે.

અત્રે ઉલ્લેખનીય છે કે છેલ્લા બે ત્રણ દિવસથી રાજયના હવામાનમાં પલટો આવવા સાથે રાજયના કેટલાક વિસ્તારોમાં છુટો છવાયો વરસાદ થવા પામ્યો છે. કેટલાક વિસ્તારોમાં તો અંદાજે પાંચ ઈંચ જેટલો વરસાદ પડી જવા પામ્યો છે.

આ વખતે રાજયમાં સમયસર ચોમાસું શરૂ થવાની શકયતાને લઈને રાજયના તમામ જિલ્લાઓમાં ફલડ કંટ્રોલ ૨૪ કલાક કાર્યરત કરી દેવામાં આવ્યા છે અને રાજયકક્ષાના ફલડ કંટ્રોલ રૂમ દ્વારા સતત હવામાન ઉપર નજર રાખવામાં આવી રહી છે. ચોમાસા દરમિયાન સંભવિત ઉભી થનારી પરિસ્થિતિને પહોંચી વળવા માટે વહીવટી તંત્ર દ્વારા આગોતરું આયોજન ઘડી કાઢવામાં આવ્યું છે.

રાજયના હવામાનમાં પલટો આવ્યો છે અને કેટલાક વિસ્તારોમાં છુટો છવાયો વરસાદ થયો છે. જો કે ઉત્તર ગુજરાતમાં હજુ પણ ગરમી પડી રહી છે. અને દિવસભર ઉકળાટ રહેતા લોકો ગરમીથી ત્રાહીમામ પોકારી ગયા છે.

સૌરાષ્ટ્રના આજે ત્રીજા દિવસે પણ કેટલાક વિસ્તારોમાં વરસાદ થવા પામ્યો હોવાના અહેવાલો સાંપડી રહ્યા છે.

અસહ્ય બફારાથી ત્રસ્ત નગરજનો ચાતક નજરે વરસાદની રાહ જોઈ રહ્યા છે

ભેજનું પ્રમાણ ધીમે ધીમે વધતા બફારો વધતો જાય છે : વરસાદની રાહ જોવાય છે

ગાંધીનગર, તા.૯

છેલ્લા ત્રણ દિવસથી અસહ્ય ઉકળાટ વસાહતીઓને રીતસર અકળાવી રહ્યો છે. વસાહતીઓ પરસેવાથી ભારે પરેશાન થઈ રહ્યા છે અને જોરદાર વરસાદી ઝાપટાંની આશા રાખી રહ્યા છે.

જુન મહિનાનું પ્રથમ પખવાડીયું ભારે અકળાવનારું બની રહ્યું છે. તાપમાનનો પારો નીચો રહે છે તેમ છતાં ભારે ઉકળાટથી સૌ કોઈ ત્રાસી ગયા છે. પંખો ૨૪ કલાક ચાલુ રાખવો પડે તેવી સ્થિતિ સર્જાઈ છે. એસી પણ મહત્તમ સમય ચાલુ રહે છે. છેલ્લા ત્રણ ચાર દિવસથી તો સ્થિતિ વધુ ગંભીર બની રહી છે. વસાહતીઓ પરસેવામાં નાહી રહ્યા છે. આકાશમાં વાદળો ઘેરાય છે પરંતુ વરસાદ પડતો નથી. રોજ વરસાદી ઝાપટાની આશા બંધાય છે પરંતુ ગાંધીનગરાઓને વરસાદ દગો આપી જાય છે. ગાંધીનગરાઓને તો અખબારોમાં આવતા વરસાદને લગતા સમાચારો વાંચીને જ જાણે સંતોષ માનવો પડે છે. રાત્રે પણ સહેજેય ઠંડકભર્યું વાતાવરણ રહેતું નથી. જો પવન બંધ હોય તો રાત્રે પણ પંખા નીચે જ બેસવું પડે છે. વારેવારે સૌ કોઈ આકાશ સામે મીટ માંડી જોઈ રહ્યા છે. આજે મહત્તમ તાપમાન ૩૮ ડિગ્રી અને લઘુત્તમ તાપમાન ૨૮ ડીગ્રી નોંધાયું હતું. જયારે ભેજનું પ્રમાણ સવારે ૭૩ ટકા અને સાંજે ૨૮ ટકા રહ્યું હતું.

અમદાવાદ વિમાની મથકે નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત

ગાંધીનગર, તા. ૯

આગામી લોકસભા ચૂંટણી માટે ભાજપ દ્વારા રાષ્ટ્રીય ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની વરણી કરવામાં આવ્યા બાદ અમદાવાદ એરપોર્ટ પર નરેન્દ્ર મોદીનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગોવા ખાતે ભાજપાની રાષ્ટ્રીય કારોબારી બેઠક મળી હતી જેમાં આજે આગામી લોકસભા ચૂંટણી માટે ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની વરણી કરવામાં આવતાં ગુજરાત ભાજપના આગેવાનો અને કાર્યકરોમાં ભારે ઉત્સાહ ઉઠવા પામ્યો હતો.

છેલ્લા ઘણા સમયથી નરેન્દ્ર મોદીને રાષ્ટ્રીય કક્ષાએ મોટી જવાબદારી સોંપવામાં આવશે તેવી અટકળો પહેલી થવા પામી હતી. ગોવા ખાતે મળેલી ભાજપની રાષ્ટ્રીય કારોબારીમાં ભાજપા પ્રમુખ રાજનાથસિંહે ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે ગુજરાતના મુખ્યમંત્રી નરેન્દ્ર મોદીની વરણીની વિધિવત જાહેરાત કરવામાં આવી હતી.

નરેન્દ્ર મોદીની ચૂંટણી પ્રચાર સમિતિના અધ્યક્ષ તરીકે વરણી કરવામાં આવતાં તેમનું સ્વાગત કરવા ગુજરાત ભાજપ દ્વારા તડામાર તૈયારીઓ કરવામાં આવી હતી.

રાષ્ટ્રીય કારોબારીની બેઠક પૂર્ણ થયા બાદ મુખ્યમંત્રી નરેન્દ્ર મોદી ગોવાથી આજે સાંજે અમદાવાદ વિમાની મથકે આવી પહોંચતા ગુજરાત ભાજપના આગેવાનો કાર્યકરો રાજયમંત્રીમંડળના સભ્યો અને ધારાસભ્યો દ્વારા ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું.

ગાંધીનગર જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક સંઘ લી.
મધુર ડેરી, સેક્ટર-૨૫, 'ક' રોડ, ગાંધીનગર
ફોન : ૨૩૨૮૭૧૩૪ થી ૩૮, ફેક્સ : ૨૩૨૮૭૧૪૦

ધી ટેસ્ટ ઓફ કેપિટલ

ગ્રામ્ય વિસ્તારમાં સંઘ સંચાલિત પાર્લર એજન્સીના ધોરણે આપવાના છે. તા. ૧૧/૬/૨૦૧૩ થી તા. ૧૪/૬/૨૦૧૩ સુધી ઓફીસના કામકાજના સમય દરમિયાન અરજી ફોર્મ મેળવી લેવું. માહિતી માટે માર્કેટીંગ વિભાગનો સંપર્ક કરવો.

મેનેજીંગ ડિરેક્ટર

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક :** પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી :** કૃષ્ણકાન્ત જહા. **ફોન :** ૨૩૨૨૨૫૭૧, **ફેક્સ :** ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com